# એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્સિસ

ACPC

એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૫.

## ધો. ૧૨ (વિ.પ્ર.) પછીના ડિગ્રી એન્જિનીયરીંગ અભ્યાસક્રમોમાં

## ઓનલાઈન પ્રવેશ કાર્યક્રમ : શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬

ધો. ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) પછીના ડિગ્રી એન્જિનિયરીંગ અભ્યાસક્રમોમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે પાત્રતા ધરાવતા ઉમેદવારો માટે રાજ્ય સરકારે સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર સંસ્થાઓની સરકારી બેઠકો તથા સ્વનિર્ભર સંસ્થાઓની સ્વેચ્છાએ સુપ્રત કરેલ હોય તેવી સંચાલક મંડળની બેઠકો માટે પ્રવેશ વર્ષ-૨૦૧૫ દરમ્યાન વેબ બેઈઝ઼ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા કરવાનું નક્કી કરેલ છે. ઈન્ટરનેટના માધ્યમ દ્વારા પ્રવેશ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જે ઉમેદવારને ઈન્ટરનેટ માધ્યમ ઉપલબ્ધ ન હોય તેવા ઉમેદવારો પ્રવેશ સમિતિ દ્વારા નિર્ધારીત હેલ્પ સેન્ટરનો વિનામૂલ્યે ઉપયોગ કરી શકશે. હેલ્પ સેન્ટર તથા બેંકની શાખાઓની વિગત વેબસાઈટ www.jacpcldce.ac.in અને www.gujacpc.nic.in ઉપર મૂકવામાં આવેલ છે તથા માહિતી પુસ્તિકામાં ઉપલબ્ધ છે. માર્ગદર્શન માટે પ્રવેશ સમિતિનાં ૨૪ કલાક કાર્યરત હેલ્પ લાઈન નંબર **૦૭૯-૨૬૫૬૬૦૦૦** ઉપર આપ સંપર્ક કરી શકો છે.

(૧) **પ્રવેશ યોગ્યતા : ઈજનેરીના અભ્યાસક્રમો માટે :** ધો. ૧૨ (વિ.પ્ર.)ની પરીક્ષા ફિઝિક્સ અને મેથેમેટિક્સને ફરજિયાત વિષયો તરીકે અને કેમિસ્ટ્રી/બાયોટેકનોલોજી/બાયોલોજી/ટેકનીકલ વ્યાવસાયિક વિષયો પૈકી કોઈ એક સાથે કુલ ગુણનાં ૪૫% (અનામત વર્ગના ઉમેદવારો માટે ૪૦%) કે તેથી વધુ સાથે **અને** ચાલુ સાલે JEE (Main) 2015 ની પરીક્ષા આપેલ હોવી ફરિજયાત છે.

(૨) એડમિશન રજિસ્ટ્રેશન માટે વિદ્યાર્થીએ પંજાબ નેશનલ બેંકની નિર્ધારીત શાખાઓ ખાતેથી રજિસ્ટ્રેશન ફી રૂા. ૩૫૦/- રોકડા (નોન-રીફન્ડેબલ) આપી **તા. ૨૫-૫-૨૦૧૫ થી તા. ૧૦-૬-૨૦૧૫ સુધી** કામકાજના સમય દરમ્યાન (રવિવાર તેમજ જાહેર રજાનાં દિવસો સિવાય) માહિતી પુસ્તિકા તથા PIN મેળવવાના રહેશે. (પંજાબ નેશનલ બેંકની નિર્ધારીત શાખાઓની યાદી www.jacpcldce.ac.in પર મુકવામાં આવેલ છે.)

(૩) ઓનલાઈન એડમિશન માટે ઉમેદવારે પ્રવેશ સમિતિની વેબસાઈટ www.gujacpc.nic.in પરથી ઓનલાઈન રજિસ્ટ્રેશન **ધોરણ-૧૨ (વિ. પ્ર.) નું પરીણામ ગુજરાત બોર્ડ દ્વારા જાહેર થયા પછીના બે દિવસ બાદથી (સવારે ૧૧-૦૦ કલાક) તા. ૧૧-૦૬-૨૦૧૫ સાંજે ૦૫-૦૦ કલાક** સુધીમાં કરાવવાનું રહેશે. ત્યારબાદ ઓનલાઈન રજિસ્ટ્રેશન થઈ શકશે નહીં.

(૪) પ્રવેશ વર્ષ-૨૦૧૫ દરમ્યાન અત્રેની સમિતિની પ્રવેશ કાર્યવાહીમાં પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. અન્ય કોઈપણ રીતે રજિસ્ટ્રેશન ઉપલબ્ધ થઈ શકશે નહીં જેની નોધ લેવી.

(૫) ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ ઉમેદવારે રજિસ્ટ્રેશન ફોર્મ તથા અન્ય જરૂરી **પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ (ઓરીજીનલ નહિં) ધોરણ-૧૨ (વિ. પ્ર.) નું પરીણામ ગુજરાત બોર્ડ દ્વારા જાહેર થયા પછીના બે દિવસ બાદથી (સવારે ૧૧-૦૦ કલાક) તા. ૧૧-૦૬-૨૦૧૫ સાંજે ૦૫-૦૦ કલાક સુધીમાં** નજીકના હેલ્પ સેન્ટર ખાતે ચકાસણી કરાવી જમા કરાવવાનાં રહેશે. હેલ્પ સેન્ટર ખાતે રજિસ્ટ્રેશન ફોર્મ જમા કરાવ્યા અંગેની પહોંચ મેળવવાની રહેશે. આ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ જ ઉમેદવાર ચોઈસ ફિલીંગ તથા પ્રવેશની આગળની પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. હેલ્પ સેન્ટરોની યાદી વેબસાઈટ www.jacpcldce.ac.in અને www.gujacpc.nic.in ઉપર મૂકવામાં આવેલ છે.

(૬) ઓનલાઈન એડમિશનને લગતી તમામ માહિતી જેવી કે નોટીફિકેશન, સંસ્થાઓની યાદી, સંસ્થાઓનો પરિચય, ગયા વર્ષના કટ ઓફ માર્કસ, સીટ મેટ્રીક્ષ, પ્રવેશ પાત્રતા, રીઝર્વેશન પોલિસી, હેલ્પ સેન્ટરોની યાદી, રજિસ્ટ્રેશન ફી, ટ્યુશન ફી, વિવિધ પ્રકારના ફોર્મ્સ, હેલ્પલાઈન અને પ્રવેશને લગતા પ્રશ્નોત્તર તથા પ્રવેશ અંગેનો કાર્યક્રમ વેબસાઈટ www.jacpcldce.ac.in તથા www.gujacpc.nic.in અને **હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૬૫૬૬૦૦૦** પરથી મળી શકશે.

(૭) હેલ્પ સેન્ટર પ્રવેશ કાર્યવાહીના દિવસો દરમ્યાન સવારે ૧૧-૦૦ કલાકથી સાંજે ૦૫-૦૦ કલાક સુધી, રવિવાર તેમજ જાહેર રજાનાં દિવસો સિવાય કાર્યરત રહેશે. હેલ્પ સેન્ટર પરથી પ્રવેશ અંગેની તમામ કાર્યવાહી વિનામૂલ્યે થઈ શકશે.

**તા. -૦૫-૨૦૧૫** — **મેમ્બર સેક્રેટરી**

**હેલ્પ લાઈન નંબર : ૦૭૯-૨૬૫૬૬૦૦૦**

| Size : 3 col. x 16 cm |
|---|
| Print Date : -05-2015 |